હેલન વાવાઝોડા પહેલાના વરસાદમાં બેના મોત

૧૧૦ કિમીની ઝડપે વાવાઝોડું ત્રાટકશે

આંધ્રપ્રદેશ,તા. ૨૨

સદીના સૌથી મોટા વાવાઝોડા પિલીને આપેલા ઘા હજુ સુકાયા નથી ત્યારે વધુ એક તોફાન આંધ્રપ્રદેશના દરિયા કિનારે દસ્તક દઈ રહ્યું છે. બંગાળની ખાદીમાં ઊભા થયેલ આ ચક્રવાર્તી તુફાન હેલનના પ્રભાવના કારણે આંધ્રપ્રદેશના સમુદ્રતટે આવેલા જિલ્લાઓમાં મુસળધાર વરસાદની અલગ અલગ ઘટનાઓમાં બે વ્યક્તિના મોત થયા છે. તોફાનને ધ્યાનમાં રાખી ૮૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે અને આ લોકોને ખાવા પિવાની, દવાઓ સહિતની સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ તોફાનના કારણે રસ્તાઓ પર ધરાશાયી થયેલ વૃક્ષોને હટાવવા માટેની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આજે મોડી રાત સુધી આંધ્રપ્રદેશના દરિયા કિનારે વાવાઝોડુ ટકરાશે. વાવાઝોડું જ્યારે દરિયા કિનારે પહોંચશે ત્યારે તેની ઝડપ ૧૦૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક હશે. વાવાઝોડાના ખતરાને ધ્યાનમાં રાખી આંધ્રપ્રદેશના જિલ્લામાં હાઈ એલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે. વાવાઝોડું કૃષ્ણ જિલ્લાના મછલીપુરમ કિનારાની બાજુ આગળ વધી રહ્યું છે. તોફાન દરિયા કિનારે પહોંચતાની સાથે જ ભારેથી અતિ ભારે વરસાદની આશંકા દેખાઈ રહી છે જેના કારણે નદીઓમાં પૂર આવવાની અને નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાની શક્યતા છે. આ તમામ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે પ્રસાસણ સતર્ક થઈ ગયું છે અને હેલનની દરેક ગતિવિધીઓ ઉપર નજર રાખી રહ્યું છે. રાહત કામ માટે એનડીઆરએફની ૧૮ ટીમો પણ હાજર રખાઈ છે. ઉલ્લેખનીય છે કે ચક્રવાર્તી તોફાન હેલનની આગાહી તાજેતરમાં જ આંતરિક્ષમાં મેળવવામાં આવેલા ભારતના મંગળ યાર્ને કરી હતી. આ યાર્ને હેલન વાવાઝોડાનો ફોટો મંગળવારે બપોરે ૧ વાગ્યાને ૧૫ મિનિટે લીધો હતો. જ્યારે ઇસરોને મોકલી આપ્યો હતો. તુફાનને ધ્યાનમાં રાખી હવામાન વિભાગે માછી મારોને સમુદ્ર કિનારે ન જવા માટે ચેતવણી આપી છે અને સમુદ્ર કિનારે વસવાટ કરતા લોકોને પણ સલામત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે.

રાજસ્થાનમાં ભાજપ સત્તામાં પરત ફરે તેવા સ્પષ્ટ એંધાણ

જયપુર,તા. ૨૨

નેલ્સન દ્વારા તાજેતરમાં જ કરવામાં આવેલા ચૂંટણી સર્વેમાં જાણવા મળ્યું છે કે રાજસ્થાનમાં વિપક્ષી પાર્ટી ભાજપ બે તૃતીયાંશ સરસાંઈ સાથે સત્તામાં વાપસી કરી શકે છે. જ્યારે જોરદાર નુકસાન સાથે મતદારો કોંગ્રેસને સત્તામાંથી ફેંકી દેવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. સર્વેમાં સામેલ આવેલા તારણો પ્રમાણે સત્તા પક્ષ કોંગ્રેસને વિધાનસભાની ચૂંટણીમાં ૨૧ સીટોનું નુકસાન થવાની શક્યતા છે. જ્યારે ભાજપના ખાતામાં ૨૭ સીટોનો વધારો થઈ શકે છે. ઓપીનીયન પોલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ૨૦૦ સીટોવાળી રાજસ્થાન વિધાનસભામાં કોંગ્રેસને ૭૫ જ્યારે ભાજપને ૧૦૫ સીટો મળવાની શક્યતા છે. ૨૦૦૮માં વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૩૬.૯ ટકા વોટ અને ૯૬ સીટો જીતીને રાજસ્થાનમાં સરકાર બનાવી હતી. જો કે આ વખતે કોંગ્રેસને ૩૩ ટકા વોટ અને ૭૫ સીટો જ મળે તેવી શક્યતા છે. એટલે કે ૨૦૦૮ની તુલનામાં ૨૦૧૩માં કોંગ્રેસને ૨૧ સીટોનું નુકસાન થઈ રહ્યું છે. બીજી બાજુ મુખ્ય વિપક્ષી પાર્ટી ભાજપને ૨૦૦૮ની ચૂંટણીમાં ૩૪.૬ ટકા વોટ અને ૭૮ સીટો મળી હતી. જો કે સર્વે મુજબ ૨૦૦૩ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૩૭ ટકા વોટ અને ૧૫૦ વિધાનસભા સીટો સાથે રાજ્યમાં સૌથી મોટી પાર્ટી તરીકે સામે આવે તેવી શક્યતા છે.

જ્યારે ૨૦૦૮ની તુલનામાં બહુજન સમાજવાદીની સ્થિતિમાં કોઈ લાંબો ફરક પડે તેવી કોઈ શકયતા નથી. ૨૦૦૮માં બીએસપીની ૭.૬ વોટ અને ૬ સીટો મળી હતી. જ્યારે આ વર્ષે બીએસપી ૮ ટકા વોટ સાથે ૭ સીટો જીતવા માટેની શક્યતા છે. સર્વેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રાજસ્થાનની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારો નિર્ણાયક પરિબળ બનીને સામે આવશે. ૨૦૦૮ની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારો ૨૦.૯ ટકા વોટ સાથે ૨૦ સીટો જીતવામાં સફળ રહ્યા હતા. જો કે આ વખતે રાજસ્થાનના ૨૨ ટકા વોટ અપક્ષ ઉમેદવારોના ખાતામાં જાય તેવી શક્યતા છે. જ્યારે અપક્ષ ઉમેદવારો ૧૩થી વધુ સીટોમાં વિજયી બની શકે છે. સર્વેના તારણોના આધારે સંસદીય સીટો મુજબ અનુમાન લગાવાય તો રાજ્યની ૨૯ લોકસભાની સીટોમાંથી ભાજપના ખાતામાં ૨૩ સીટો આવી શકે છે. જ્યારે કોંગ્રેસને માત્ર ૬ સીટોથી સંતોષ માણવો પડી શકે છે.

સેન્સેક્સ ૧૨ અને નિફ્ટી ૪ પોઈન્ટ ઘટાડા સાથે બંધ

મુંબઈ,તા. ૨૨

આંતરરાષ્ટ્રીય બજારોમાં નરમાશ અને ડોલર સામે રૂપિયાની પીછે હઠના કારણે આજે તેજી સાથે ખુલેલા બજારો અંતે નરમાશ સાથે બંધ થયા હતા જેના કારણે ભારતીય સ્ટોક માર્કેટમાં આજે સામાન્ય ઘટાડો નોંધાયો હતો. મુંબઈ સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ ૧૨ પોઈન્ટ ઘટીને ૨૦૨૧૭ની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે મુંબઈ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ચાર પોઈન્ટના સામાન્ય ઘટાડો સાથે ૫૯૯૫ પોઈન્ટના લેવલે બંધ રહ્યો હતો. માર્કેટમાં ઓટો, રિયલ એસ્ટેટ, એફએમજી, મેટલ, ટેકનોલોજી, પાવર, આઈટી સ્ટોકમાં વેચવાલી જોવા મળી હતી. જ્યારે કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, કન્ઝ્યુમર ડ્યુરબલ્સ, પીએસયુ અને હેલ્થકેરમાં સામાન્ય તેજી જોવા મળી હતી. હેવીવેટ સ્ટોકમાં તાતા સ્ટીલ, ગેઈલ ઈન્ડિયા, એલએન્ડટી, એચડીએફસી, બીપીસીએલ, રેડી, રેનબેક્સી, ઈન્ડસઈન બેંક, એચડીએફસી બેંકના શેરોમાં ૧થી ૩ ટકાની તેજી નોંધાઈ હતી. જ્યારે સેસા, સ્ટરલાઈટ, તાતા મોટર્સ, બજાજ ઓટો, આઈડીએફસી, એલબીઆઈ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એનએમડીસી, આઈટીસી, એચસીએલ, સનફાર્માના શેરોમાં ૨ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો.

બેડમિન્ટન સાયના નહેવાલની વર્લ્ડ રેન્કીંગમાં આગેકૂચ જારી

નવી દિલ્હી,તા. ૨૨

ચાઈના ઓપન અને હોંગકોંગ

ઓપનમાં સતત ત્રીજા રાઉન્ડમાં પરાજયનો સામનો કરનાર સાયના નહેવાલના પ્રદર્શનમાં ઘટાડો નોંધાયો છે. જો કે તેમ છતાં તાજેતરમાં જ રજૂ કરાયેલ વર્લ્ડ બેડમિન્ટન રેન્કીંગમાં સાયના નહેવાલ એક સ્થાનના સુધારા સાથે છઠ્ઠા ક્રમમાં પહોંચી ગઈ છે. જ્યારે વિશ્વ ચેમ્પિયનશીપમાં કાસ્ય પ્રદક વિજેતા પીવી સિંદુ ટોપટેનમાંથી બહાર ફેંકાઈ ગઈ છે. સાયના નહેવાલ છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી કોઈ ટુર્નામેન્ટ જીતી શકી નથી. તાજેતરમાં જ તેણે ચાઈના ઉપર અને હોંગકોંગ ઓપનમાં નિરાશાજનક પ્રદર્શન કરતા બીજા રાઉન્ડમાં જ હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે બીજી બાજુ પીવી સિંદુ હોંગકોંગ ઓપનમાં પહેલા જ રાઉન્ડમાં જ હારવાના કારણે વર્લ્ડ બેડમિન્ટન રેન્કીંગમાં ૧૦માં સ્થાનેથી ૧૧માં સ્થાને પહોંચી ગયો છે.

જો કે આ વર્ષે અરુણધતી પંતવાને આઠ ક્રમની છલાગ લગાવી ટોપ ૫૦માં સ્થાન મેળવી લીધુ છે. પંતવાન અત્યારે ૪૪માં સ્થાને છે. પુરુષ રેન્કીંગમાં પરવરી કશ્યપ હોંગકોંગ ઓપનની હાર સાથે ૩ ક્રમના ઘટાડા સાથે ૧૪માં ક્રમે પહોંચી ગયો છે. જ્યારે ગુરુસાઈગર ૧૯મા સ્થાને યથાવત્ છે.જયરામ ૨૬માં સ્થાને અને શ્રીકાંત ૨૯માં સ્થાને યથાવત્ છે. પુરુષ ડબલ્સમાં પ્રણવ ચોપડા અને અક્ષય દેવાલકરની જોડી એક ક્રમના ઘટાડા સાથે ૩૫માં સ્થાને પહોંચી ગઈ છે. મહિલા ડબલ્સમાં પ્રદનીય ગાદે અને અશ્વિની પોનાપ્પા એક ક્રમના સાથે ૨૮મા ક્રમે પહોંચી ગઈ છે. જ્યારે મિક્સ ડબલ્સમાં અશ્વિની પોનાપ્પા અને તરુણ કોનની જોડી ૩૪માં ક્રમે પહોંચી ગઈ છે.

કેજરીવાલ પર બે સંસ્થામાંથી પગાર લેવાનો એનજીઓનો આક્ષેપ

નવી દિલ્હી,તા. ૨૨

દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ ઉપર જાણે કે મુસીબતોનો પહાડ તૂટી પડ્યો છે. અણ્ણા વિવાદ પછી સ્ટીંગ ઓપરેશન બાદ હવે ડબલ સેલેરીનો વિવાદ સામે આવ્યો છે. કેજરીવાલ પર આરોપ લગાવવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૦૩થી ૨૦૦૬ વચ્ચે ઈન્ડિયન રેવન્યુ સર્વિસની નોકરી દરમિયાન તેઓ એક એનજીઓ પાસેથી પણ પગાર લેતા રહ્યા છે. વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ

રાજકીય પાર્ટીઓ અને તેમના સાથે જોડાયેલ નેતાઓ અંગે ચોંકાવનારા ખુલાસાઓ દિનપ્રતિદિન સામે આવી રહ્યા છે. વર્ષ ૨૦૦૬માં થયેલ કટના અંગે આમ આદમી પાર્ટી કે સ્વર્ગસ્ત નેતા સંતોષ કોહલી અને અરવિંદ કેજરીવાલના પૂર્વ સહયોગીનું નિવેદન છે કે વર્ષ ૨૦૦૩થી ૨૦૦૬ સુધી અરવિંદ કેજરીવાલ તેમના એનજીઓ પરિવર્તન પાસેથી સત્તાવાર રીતે ૨૫ હજાર પ્રતિ મહિના સેલેરી લેતા હતા. જ્યારે આ સમયે અરવિંદ કેજરીવાલ ઈન્ડિયન સર્વિસ રેવેન્યુમાં પણ સર્વિસ કરતા હતા. કેજરીવાલના પૂર્વ સંયોગી રાજીવ કુમારે કોર્ટમાં આ અંગે નિવેદન આપ્યું હતું. કડકડુમા કોર્ટમાં સંતોષ કોહલી અને રાજીવ કુમારના આ નિવેદનને દાખલ કરાવનાર વકીલ એ ત્યાગીનું પણ કહેવું છે કે એનજીઓના પ્રમુખ તરીકે કેજરીવાલ સંસ્થા પાસેથી પૈસા લઈ શકે નહીં. આ સમગ્ર મામલો કાયદાના ભંગનો છે. બીજી બાજુ આ તમામ આરોપોને કેજરીવાલે નકારી કાઢ્યા હતા. તેમને જણાવ્યું હતું કે તેઓ કોર્ટમાં દાખલ કરાવવામાં આવેલ આ નિવેદનની કોપી જોવા માગે છે. ઉલ્લેખનીય છે કે અત્યારે આમ આદમી પાર્ટીના અન્ય બે નેતાઓ ઉપર ચૂંટણી ફંડ માટે ઉમેદવારો પાસેથી નાણાં ઉઘરાવવાનો પણ આરોપ લાગેલો છે.

સમાચાર ઝલક

- ♥ 'હેલન'થી આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ - તંત્ર સચેત.
- ♥ શેરબજારમાં સુધારો નોંધાયો.
- ♥ મહેસાણામાં શનિદેવ અને હનુમાનજીનો પ્રાણ પ્રતિષ્ઠા યોજાયો.
- ♥ નડિયાદમાં જુનીયર મહિલા વકીલ સાથે દુષ્કર્મ બાબતે સિનિયર વકીલને ૧૦ વર્ષની કેદ.
- ♥ ધરોઇ બંધમાંથી ખેતી માટે છોડાયેલું પાણી ઓવરફ્લો થતાં ખેતી માટે નવી મુશ્કેલી સર્જાઇ.
- ♥ તમામ સમુદાયો તોફાનોમાં અસરકર્તાને સહાય ચુકવવા કોર્ટનો ઉત્તરપ્રદેશની સરકારને આદેશ.
- ♥ તહેલકાનાં એડિટર તેજપાલ પર યૌન શોષણનો કેસ દાખલ કરાયો.
- ♥ આમ આદમી પાર્ટી સ્ટીંગ ઓપરેશનના સકંજામાં આવી ગઇ.
- ♥ ડીસા તાલુકામાં બોગસ તબીબ ઝડપાયો.
- ♥ અમદાવાદમાં આતિફ અસલમનો કાર્યક્રમ રદ્દ થયો.
- ♥ બારડોલી નવસારીમાં બિલ્ડરોનાં ત્યાં આવકવેરાના દરોડા.
- ♥ સુરતમાં હિમસન ગ્રુપના માલિકના પત્નીનો ગળે ખાઇ આપઘાત.
- ♥ નારાયણ સાંઇ નાસવા માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરતા હોવાની અટકળો.
- ♥ જામનગરમાં કોંગ્રેસના કાર્યકરોએ મેયરની સ્મશાનયાત્રા આંદોલનમાં ફેરવી.
- ♥ અમદાવાદમાં ટોરેન્ટ પાવર પ્રોજેક્ટ સહિત સાત સ્થળ પર આતંકીઓની બાજ નજર.
- ♥ રાજકોટ સિવિલના તબીબ લાંચના છટકામાં પકડાયા.
- ♥ વડોદરામાં સતત બીજા દિવસે બસમાં વિકરાળ આગ, બસ ભસ્મીભૂત.
- ♥ સાસુ સાથે ખટરાગ - ઐશ્વર્યા રાય બચ્ચનને જયા બચ્ચન સાથે રહેવું નથી.
- ♥ મોટા ઉદ્યોગગૃહો-ટ્રસ્ટો સામે દાન અંગે આવકવેરાની મુક્તિનો દુરુપયોગ થયાનો અહેવાલ.
- ♥ બગદાદમાં ૮ જગ્યાએ વિસ્ફોટ થતાં ૫૦ વ્યક્તિઓનાં મોત.
- ♥ ૮મી ડિસેમ્બર અને ૧૯મી જાન્યુઆરીએ સૌથી વધુ લગ્નો.
- ♥ મેડી કલેઇમ પ્રિમિયમમાં વીમા કંપનીઓ ત્રણ વર્ષ સુધી વધારો કરી શકશે નહીં.
- ♥ ૬ મહિનામાં ડિઝલમાં ૧૦ રૂપિયા ભાવ વધવાની શક્યતા.
- ♥ સૌથી ભ્રષ્ટ શહેર બેંગ્લોર, બીજા ક્રમે ચેન્નાઇ.
- ♥ કેન્દ્રીય મંત્રી શદર પવારને મુંબઇ હોસ્પિટલમાં દાખલ કરાયા.
- ♥ જાપાનમાં જવાળામુખી ફાટતાં નવા ટાપુનું સર્જન.

દિલ્હી સહિત ૧૦ શહેરમાં મકાનના ભાવોમાં ઘટાડો

નવી દિલ્હી,તા. ૨૨

દિલ્હી સહિત દેશના ૧૦ મોટા શહેરોમાં મકાનોની કિંમતમાં એકથી સાત ટકાનો ઘટાડો નોંધાયો છે. નેશનલ હાઉસીંગ બેંકે ૨૬ શહેરોમાં રહેઠાણ મકાનોની કિંમતો અંગે એકઠાં કરાયેલા આંકડાઓમાં સ્પષ્ટ જાણવા મળ્યું છે કે રિયલ એસ્ટેટ ક્ષેત્રે મંદી જોવા મળી રહી છે. અભ્યાસમાં જોવા મળી રહ્યું છે કે દેશના ૧૦ મોટા શહેરોમાં જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે મકાનોના ભાવમાં ઘટાડો નોંધાયો છે. સૌથી વધુ મેરઠમાં મકાનની કિંમતોમાં ૬.૮૮ ટકાનો ઘટાડો નોંધાયો છે.

બીજા નંબરે દિલ્હીમાં મકાનની કિંમતોના ૪.૫૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત લુધિયાણામાં ૪.૪૬ ટકા, વિજયવાડામાં ૪.૩ ટકા, નાગપુરમાં ૩.૫૮ ટકા, ભોપાલમાં ૩.૯ ટકા, ઈંદોરમાં ૨.૧૮ ટકા, જયપુરમાં ૧.૮૨ ટકા, ભુવનેશ્વરમાં ૧.૩ ટકા અને બેંગ્લોરમાં ૦.૯૩ ટકા સુધી મકાનની કિંમત ઘટી છે. દેશના અન્ય ચાર શહેરો પૂણે, કોચી, કોયમતુર અને દહેરાદૂનમાં મકાનની કિંમતો યથાવત્ રહી છે. જો કે કોલકાતા,મુંબઈ સહિત એક ડઝન કરતા વધુ એવા શહેરો છે જેમાં ૫ ટકાથી પણ વધુ વધારો નોંધાયો છે.

હાઉસીંગ બેંકના પ્રવક્તાએ જણાવ્યું હતું કે જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે દેશના ૧૨ મોટા શહેરોમાં મકાનની કિંમતમાં ઉછાળો નોંધાયો છે જેમાં સૌથી વધુ કોલકાતામાં મકાનની કિંમતો ૫.૩૦ ટકા વધી ગઈ છે.

યુવા મતદારોને આકર્ષવા નેતાઓની નવી વ્યૂહરચના

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં મોબાઈલ એપ.નો ક્રેઝ વધ્યો

નવી દિલ્હી,તા. ૨૨

દિલ્હી વિધાનસભાને ચૂંટણીને આડે હવે માત્ર ગણતરીના દિવસો જ રહ્યા છે અને ચૂંટણીને લઈને રાજકીય ગરમી તેજ થઈ ગઈ છે. પરંતુ રાજકીય પાર્ટીનું ચૂંટણી પ્રચારનું કેમ્પેન આ વખતે કાંઈક બદલાયેલું લાગે છે. ચૂંટણી પ્રચારમાં તમામ રાજકીય પાર્ટી આ વર્ષે યુવા મતદારોને ટાર્ગેટ બનાવી રહી છે. યુવા મતદારો સુધી પહોંચવા માટે પાર્ટીઓએ નવો ફોર્મ્યુલા અપનાવ્યો છે. અત્યાર સુધી ચંદા, બિલા અને સ્ટીકર વહેચીને પોતાનો પ્રચાર કરવાવાળી આ પાર્ટીઓ હવે યુવા મતદારોને આકર્ષવા મોબાઈલ અને કોમ્પ્યુટર એપ્લીકેશનનો ઉપયોગ કરી રહી છે. દિલ્હીમાં ૧૮થી ૨૨ વર્ષના યુવા મતદારો પહેલી વખત મતદાન કરશે. તેમને આકર્ષવા માટે રાજકીય પાર્ટીઓએ મોબાઈલ એપ્સનો સહારો લીધો છે જ્યારે બાકીના મતદારો માટે આ એપ્લીકેશનનો ઉપયોગ કરાઈ રહ્યો છે. તેમ જો ગૂગલ પ્લે સ્ટોર્સ પર દિલ્હી ઈલેક્શન ટાઈપ કરશો તો તમને એક ડઝન કરતા પણ વધારે એપ્લીકેશન મળી રહેશે. જેમાં ભારતીય જનતા પાર્ટીથી લઈને આમ આદમી પાર્ટી સુધીની એપ્લીકેશન ઉપલબ્ધ છે જેને તમે પોતાના સ્માર્ટ ફોનમાં ડાઉનલોડ કરીને આ પાર્ટીઓ અંગે તમામ જાણકારીઓ મેળવી શકશો. આ ઉપરાંત મતદારો એ પણ જાણકારી મેળવી શકે છે કે તેમના વિસ્તારમાં ચૂંટણી લડી રહેલી ઉમેદવારની સંપત્તિ કેટલી છે. તેને કેટલો અભ્યાસ કરેલો છે.

તેમના વિરુદ્ધ કેટલી પોલીસ ફરિયાદો નોંધાયેલી છે. તમામ માહિતી એપ્લીકેશન મારફતે મળી શકે છે. આ ઉપરાંત જો તમે નરેન્દ્ર મોદી અથવા રાહુલ ગાંધીના સમર્થક છો તો તેમના અંગે જોડાયેલી તમામ માહિતી આપતી એપ્લીકેશન ગૂગલ પ્લે સ્ટોર્સ પર ઉપલબ્ધ છે. પર્સનાલિટી બ્રેસ્ડ એપ્લીકેશન પર તમે તમારા મન પસંદ નેતાના ભાષણ સાંભળી શકો છો તેમના વિડીયો જોઈ શકો છો અને તમારા મિત્રો સાથે તમે સેર પણ કરી શકો છો.

પહેલી વાર મતદાન કરવા જઈ રહેલ યુવા મતદારો આ એપ્લીકેશનોનું ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યા છે. આ એપ્લીકેશન ઉપર તેમના નેતા અંગે તમામ માહિતી મળતી હોવાથી યુવાનોમાં તે બહુ લોકપ્રિય થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે પહેલાં ચૂંટણી નજીક આવતાં જ દરેક પાર્ટીઓ ચૂંટણી કાર્યાલય ખાતે ચંદા, બિલ્લા અને સ્ટીકર વહેચવા લાગતી હતી. જો કે આજના યંગસ્ટર આને ઓલ્ડ ફેશન માની રહ્યા છે જેના કારણે રાજકીય પાર્ટીઓએ પણ આ મતદારોને આકર્ષવા માટે મોબાઈલ એપ્લીકેશનનું ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે.

નોકિયાએ વોટસોપ એપ્લી. સાથેનો મોબાઈલ લોન્ચ કર્યો

નવી દિલ્હી,તા. ૨૨

મોબાઈલ ઉત્પાદન કંપની નોકિયાએ જાહેરાત કરી છે કે તે પોતાના નવા નોકિયા આસા પ્લેટફોર્મ પર ઈન્ટેરનેટ મેસેજિંગ એપ્લીકેશન વોટસોપ પર ઉપલબ્ધ કરાવશે. કંપનીના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે હવે નોકિયા આસા ૫૦૧ ફોનના ઉપયોગ કરતા વોટસપ એપ્લીકેશનને પોતાના ફોનમાં એક સોફ્ટવેર અપડેટ કરીને સરળતાથી ડાઉન લોડ કરી શકશે. આ સેવા આસા સિરીઝના અન્ય મોબાઈલ ફોનમાં પણ ઉપલબ્ધ છે.

નોકિયાએ મે ૨૦૧૩માં આસા ૫૦૧ ફોન લોન્ચ કર્યો હતો. આ નોકિયા આસા પ્લેટફોર્મ પર લોન્ચ કરેલ પહેલો ફોન હતો. નોકિયાએ જણાવ્યું હતું કે આ નવું મોડલ વનટચ સોસિયલ સેરીંગ અને શાનદાર હોમ સ્કીનની સાથે લોન્ચ કરાયું છે. નોકિયા ઈન્ડિયાના ડાયરેક્ટર વિરાલ શાહે જણાવ્યું હતું કે આસા ૫૦૧ ફોન આસા પ્લેટફોર્મ પર લોન્ચ કરાયેલ પ્રથમ મોબાઈલ છે જેમાં વોટસપ ડાઉન લોડ કરી શકાય છે. આ ઉપરાંત ઈન્ટરફેસમાં સિંગલ વાઈટ કેમેરા સાથે સિંગલ ટચથી ફેસબુકમાં ફોટો સેર કરવાની સુવિધા ઉપલબ્ધ હશે. આ ઉપરાંત આ ફોનમાં ફેસબુકમાં સ્ટેટર્સ અપલોડ કરવું સરળ રહેશે. નોકિયાએ જણાવ્યું હતું કે આ શ્રેણીના આગામી ફોનો પણ વોટસપ એપ્લીકેશન સપોટેબલ આવશે. આ શ્રેણીના નવા મોડલ ૫ ડિસેમ્બરે લોન્ચ કરાશે.

મોદી વિરુદ્ધની અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી

નવી દિલ્હી, તા.૨૨

સુપ્રીમ કોર્ટે નરેન્દ્ર મોદી વિરુદ્ધ એક જનહિતની અરજી પર સુનાવણી કરવાની ના પાડી દીધી હતી. આ અરજીમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પર વર્ષ ૨૦૦૨માં વિધાનસભા ચૂંટણી સમયે સોગંદનામામાં અપૂર્ણ વિગતો ભરવાનો આરોપ લગાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ અરજી કલકત્તાના સુનિલ સરાવગીએ દાખલ કરી હતી. સરાવગીએ અરજીમાં જણાવ્યુ હતુ કે ગુજરાત વિધાનસભા ૨૦૧૨ની ચૂંટણી સમયે પોતાનું ઉમેદવારી પત્ર દાખલ કરવાના સમયે નરેન્દ્ર મોદીએ સોગંદનામામાં પોતાની પત્નિ જશોદા બહેન અંગે માહિતી આપી ન હતી. નોંધપાત્ર છે કે નરેન્દ્ર મોદીના લગ્ન જશોદાબહેન સાથે થયા હોવાના આક્ષેપો વિરોધ પક્ષો દ્વારા થઈ રહ્યા છે પંરતુ ભાજપ આ આક્ષેપોને ફગાવતી આવી છે.

મેસ્સી કરતા ઝિદાન અનેક રીતે ચઢિયાતો ખેલાડી: પેલે

સાઓપાઉલો,તા. ૨૨

સર્વકાલીન મહાન ફૂટબોલ ખેલાડી પેલેએ જણાવ્યું છે કે મેસીએ અત્યારે ફ્રાન્સના પૂર્વ ફૂટબોલર ઝિયદીન ઝિદાન કરતા ચઢિયાતો ફૂટબોલ ખેલાડી ગણી શકાય નહીં. પેલેના મતે ઝિદાન અનેક રીતે મેસ્સી કરતા ચઢિયાતો હતો. પેલેએ જણાવ્યું હતું કે ત્રણ વખતના વર્લ્ડકપ વિજેતા સુકાની પેલેએ જણાવ્યું હતું કે ૨૬ વર્ષીય આર્જેન્ટિનાના ફૂટબોલ સ્ટાર મેસ્સીને બાર્સેલોના પ્રતિભાશાળી ખેલાડીઓ સાથે મળવાનો ફાયદો મળી રહ્યો છે. વધુમાં પેલેએ ઉમેર્યું હતું કે મેસ્સીને અત્યારે ઝિદાન કરતા ચઢિયાતો ગણી શકાય નહીં. ઝિદાન મેસ્સી કરતા અનેક રીતે ચઢિયાતો ખેલાડી હતો. મેસ્સી આજની તારીખમાં દુનિયાનો સૌથી સારો ફૂટબોલ ખેલાડી છે. જો કે જાવી અને આંદેશ ઈનીએસ્ટા જેવા ખેલાડીઓ તેના સાથીઓ હોવાનો તેને લાભ મળી રહ્યો છે. પેલેએ આશા વ્યક્ત કરી હતી કે આગામી વર્ષે બ્રાઝિલમાં યોજાનાર ફિફા વર્લ્ડકપની ફાઈનલમાં મેઝબાન બ્રાઝિલની ટક્કર દક્ષિણ અમેરિકના પરંપરાગત હરીફ ઉરુગ્વે સાથે થશે.